# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-07-2024** **Midday : 1.20 to 1.30**

**Day : Friday** **National News**

### આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

**************************************************

- ✓ ભારતમાં વર્ષ 2023-24માં સંરક્ષણ ઉત્પાદન અત્યાર સુધીની સર્વોચ્ચ વૃદ્ધિ.
- ✓ બ્રિટનની સંસદીય ચૂંટણીમાં વિપક્ષ લેબર પાર્ટીને બહુમતીઃ પ્રધાનમંત્રી તરીકે કિર સ્ટાર્મર નિશ્ચિત
- ✓ વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ હાથરસ દુર્ઘટનાના પિડીતોના પરિવાર સાથે મુલાકાત કરી - વિશેષ તપાસ ટૂકડીએ મુખ્યમંત્રીને અહેવાલ સોંપ્યો
- ✓ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન અરજીને પગલે દિલ્હી વડી અદાલતે સીબીઆઇને નોટિસ જારી કરી
- ✓ પ્રધાનમંત્રી મોદીએ પેરિસ ઓલિમ્પિક્સમાં ભાગ લેનારા ભારતીય ખેલાડીઓ સાથે મુલાકાત કરીને શુભેચ્છા પાઠવી.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Revise story. Rajnath Defence

ભારતમાં વર્ષ 2023-24માં સંરક્ષણ ઉત્પાદનમાં અત્યાર સુધીનો સૌથી મોટો વધારો નોંધાયો છે. વર્ષ 2023-24માં તે તેનું મૂલ્ય આશરે એક લાખ 26 હજાર આઠસો 87 કરોડ સુધી પહોંચી ગયું છે, જે તેનાં અગાઉનાં વર્ષ કરતાં આશરે 17 ટકા વધુ છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સતત નવા વિક્રમ સર્જી રહ્યો છે. શ્રી સિંહે આ માટે સંરક્ષણ ક્ષેત્રનાં સાર્વજનિક ક્ષેત્રના એકમો, અન્ય જાહેર ક્ષેત્રના

એકમો અને સંરક્ષણ વસ્તુઓનું ઉત્પાદન કરતા ખાનગી ઉદ્યોગો સહિતના ઉદ્યોગોને પણ અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું કે સરકાર દેશને અગ્રણી વૈશ્વિક સંરક્ષણ ઉત્પાદન કેન્દ્ર તરીકે વિકસાવવા માટે વધુ અનુકૂળ વાતાવરણ બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

# Britain elections

બ્રિટનની સંસદીય ચૂંટણીમાં લેબર પાર્ટી પ્રચંડ સફળતા તરફ આગળ વધી રહી છે. પક્ષના નેતા કિર સ્ટાર્મર બ્રિટનના આગામી પ્રધાનમંત્રી બનશે તે નિશ્ચિત છે. વર્તમાન પ્રધાનમંત્રી રિશી સુનકની કન્ઝર્વેટિવ પાર્ટીનો કારમો પરાજય થયો છે.

લેબર પાર્ટી એક દાયકાથી વધુ સમયથી વિપક્ષમાં રહ્યા બાદ સત્તા પર આવશે. છેલ્લાં અહેવાલ પ્રમાણે લેબર પાર્ટીને 650 સભ્યોના ગૃહમાં 326

બેઠકો મળી છે. હાલમાં મત ગણતરી ચાલુ છે. પોતાના વિજય ભાષણમાં 61 વર્ષીય સ્ટાર્મરે જણાવ્યું કે, લોકોએ પરિવર્તન માટે મત આપ્યો છે.

પ્રધાનમંત્રી રિશી સુનકે હારની જવાબદારી સ્વીકારતા જણાવ્યું કે, બ્રિટિશ લોકોએ સંયમિત ચૂકાદો આપ્યો છે અને તેમાંથી ઘણું શીખવા જેવું છે.

# NADDA-GENEVA MEETING

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ જણાવ્યું છે કે, ભારતે માતા અને બાળકોનું જીવન બચાવવા તીવ્ર ગતિથી સુધારો કરવામાં વૈશ્વિક સરેરાશની સરખામણીમાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે.

જીનિવામાં માતૃત્વ, નવજાત શિશુ અને બાળક આરોગ્ય ભાગીદારી બોર્ડ (PMNCH)ની બેઠકમાં વર્ચ્યુઅલ સંબોધન કરતા શ્રી નડ્ડાએ મહિલા, બાળકો અને કિશોરો પ્રત્યે બોર્ડની લાંબા ગાળાની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી.

PMNCHમાં ગ્લોબલ સાઉથનું પ્રતિનિધિત્વ કરતા શ્રી નડ્ડાએ જણાવ્યું કે, ભારતે ગ્લોબલ સાઉથ અને ગ્લોબલ નોર્થ વચ્ચે જરૂરી સંતુલન રચવા વર્ષોથી કામ કર્યું છે. શ્રી નડ્ડાએ જણાવ્યું કે, ભાગીદારી જૂથના વાઇસ ચેર તરીકે ભારત અર્થપૂર્ણ યુવા સક્રિયતા અને લૈંગિક સમાનતા મજબૂત બનાવવાની સાથે સાથે મહિલા, બાળકો અને કિશોરોનાં રક્ષણનો મુદ્દો આગળ ધપાવવા માટે પ્રતિબદ્ધ છે.

# Rahul Gandhi Hathras Visit

રાયબરેલીના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી આજે ઉત્તરપ્રદેશના અલીગઢના પિલખના ગામ પહોંચ્યા હતા, જ્યાં તેમણે હાથરસ દુર્ઘટનાના પિડીતોના પરિવારો સાથે મુલાકાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે એક ધાર્મિક કાર્યક્રમમાં નાસભાગ થવાથી 121 શ્રદ્ધાળુનાં મૃત્યુ થયા હતા અને એક ડઝનથી વધુ લોકોને ઇજા થઈ હતી. ત્રીજી જુલાઇએ મુખ્યમંત્રી આદિત્યનાથ યોગીએ પણ હાથરસની મુલાકાત લીધી હતી.

દરમિયાન, દુર્ઘટનાની તપાસ માટે રચવામાં આવેલા તપાસ પંચની પ્રથમ બેઠક ગુરૂવારે સાંજે સીતાપુર જિલ્લાના નૈમિષારણ્યમાં યોજાઈ હતી. પંચના અધ્યક્ષ નિવૃત્ત ન્યાયમૂર્તિ બ્રજેશ શ્રીવાસ્તવે જણાવ્યું કે, ટૂંક સમયમાં પંચની ટીમ હાથરસ જશે અને પુરાવા એકત્ર કરશે. પોલિસ દુર્ઘટનાની ઝડપી તપાસ કરી રહી છે.

આઇજી શલભ માથુરે જણાવ્યું કે ભોલે બાબા ઉર્ફે સુરજપાલના છ સેવાદારોની ધરપકડ કરવામાં આવી છે. ભાગેડુ મુખ્ય આયોજક દેવપ્રકાશ મધુકર પર એક લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું છે.

## Delhi Kejriwal - Bail

દિલ્હી આબકારી નીતિ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દાખલ કરેલી જામીન અરજીને પગલે દિલ્હી વડી અદાલતે સીબીઆઇને નોટિસ જારી કરી છે.

પ્રારંભમાં વડી અદાલત સીબીઆઇની એવી દલીલ સાથે સંમત થઈ હતી કે કેજરીવાલે પહેલાં સિટી કોર્ટનો સંપર્ક સાધવો જોઈતો હતો. જો કે, દલીલ

દરમિયાન બેન્ચ વડી અદાલતમાં શ્રી કેજરીવાલની સીધી અપીલ પર વિચારણા કરવા સંમત થઈ હતી. શ્રી કેજરીવાલનું પ્રતિનિધિત્વ કરતા સિનિયર એડવોકેટ અભિષેક મનુસિંઘવીએ જણાવ્યું કે, આમ આદમી પાર્ટીના નેતા દેશ છોડીને જાય તેવા નથી, તેઓ ત્રાસવાદી નથી અને ઇડીના મની લોન્ડરિંગ કેસમાં જામીન મળ્યા પછી સીબીઆઇએ તેમની ધરપકડ કરી છે.

## ODISHA-RATH YATRA

ઓડિશાના જગન્નાથ પુરીમાં ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર, દેવી સુભદ્રા અને ભગવાન સુદર્શનની વિશ્વ પ્રસિદ્ધ રથયાત્રા માટેની તમામ વ્યવસ્થાઓ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે.

આ રવિવારથી શરૂ થતા ભવ્ય  વાર્ષિક ઉત્સવના સુચારુ સંચાલન માટે હવે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. રવિવારે 'નબાજૌબાના દર્શન', 'નેત્ર ઉત્સવ' અને 'ગુંડિચા યાત્રા' જેવી મુખ્ય ધાર્મિક વિધિઓના સંગમને જોતાં, શ્રી જગન્નાથ મંદિર પ્રશાસને સમયસર ધાર્મિક વિધિઓ અને ઉત્સવની સફળ સમાપ્તિ માટે સહભાગીઓ પાસેથી સામૂહિક સહયોગનો અનુરોધ કર્યો છે.

## PM - OLYMPIC CONTINGENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓલિમ્પિકમાં ભાગ લેવા પેરિસ જઈ રહેલી ભારતીય ખેલાડીઓને ગઈકાલે મળ્યા હતા. શ્રી મોદી એ સોશિયલ મીડિયા પોસ્ટમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ભારતીય ખેલાડીઓ તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન કરશે અને દેશને ગૌરવ અપાવશે. તેમણે કહ્યું કે ખેલાડીઓની સિદ્ધિઓ અને સફળતા 140 કરોડ ભારતીયોને આશા આપે છે.

તેમણે કહ્યું કે ઓલિમ્પિક્સ માત્ર જીતવાની જ નહીં પરંતુ શીખવાની પણ શ્રેષ્ઠ તક પૂરી પાડે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઓલિમ્પિક એ કૌશલ્યની રમત છે, તેથી પ્રતિભા, તાલીમ અને સાતત્યમાં વિશ્વાસ રાખવો જરૂરી છે.

પ્રધાનમંત્રી કહ્યું કે ભારત, દેશમાં 2036 ઓલિમ્પિકની યજમાની માટે પ્રયત્નશીલ છે અને ખાસ કરીને માળખાકીય સુવિધાઓ વધારવાના ઉદ્દેશ્ય સાથે આ દિશામાં સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# SHIVRAJ-HEMANT

કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના ઝારખંડના ઇનચાર્જ શિવરાજ સિંહ ચૌહાણે રાજ્યમાં બીજી વાર મુખ્યમંત્રી બદલવા બદલ ઝારખંડ મુક્તિ મોરચાની ટીકા કરી હતી. તપાસ એજન્સીઓ પર આક્ષેપ કરતા હેમંત સોરેનના નિવેદનને ફગાવતા શ્રી ચૌહાણે જણાવ્યું કે, ભાજપ કોઈને હેરાન કરતો નથી અને કોઇનું રક્ષણ પણ કરતો નથી.

તપાસ એજન્સીઓ સ્વતંત્ર રીતે કાર્ય કરે છે. રાંચીમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે, મુખ્યમંત્રી તરીકે હેમંત સોરેનની નિયુક્તિ સગાવાદ અને સત્તા માટેની ભૂખનું ઉદાહરણ છે. અગાઉ ભાજપનું નામ આપ્યા વિના હેમંત સોરેને આક્ષેપ કર્યો હતો કે તેમને ખોટા આક્ષેપો મૂકીને જેલમાં મોકલવામાં આવ્યા હતા.

# PM RUSSIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 8 અને 9 તારીખે રશિયાની સત્તાવાર મુલાકાતે જશે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, શ્રી મોદી 22મી ભારત-રશિયા વાર્ષિક સમિટમાં હાજરી માટે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના આમંત્રણ પર મોસ્કોમાં હશે.

બંને નેતાઓ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. ત્યારબાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 9 અને 10 તારીખે ઓસ્ટ્રિયા જશે. 41 વર્ષમાં ભારતીય પ્રધાનમંત્રીની ઓસ્ટ્રિયાની આ પ્રથમ મુલાકાત હશે.

શ્રી મોદી ઓસ્ટ્રિયાના રાષ્ટ્રપતિ એલેક્ઝાંડર વેન ડેર બેલેનને મળશે અને ઓસ્ટ્રિયાના ચાન્સેલર કાર્લ નેહામર સાથે વાતચીત કરશે. પ્રધાનમંત્રી મોદી અને  ચાન્સેલર ભારત અને ઓસ્ટ્રિયાના વ્યાપારી અગ્રણીઓને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રી  મોસ્કો તેમજ વિયેનામાં ભારતીય સમુદાયના સભ્યો સાથે વાતચીત કરશે.

# ARGENTINA COPA AMERICA

કોપા અમેરિકા 2024 ફૂટબોલની  ક્વાર્ટર ફાઇનલમાં આર્જેન્ટિનાએ ઇક્વાડોરને પેનલ્ટી પર 4-2થી હરાવી ને સતત પાંચમી વખત સેમિફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. આર્જેન્ટિના આજે યોજાનારી વેનેઝુએલા વિરુદ્ધ કેનેડા

મેચના વિજેતા સામે સેમિફાઇનલ રમશે. સેમિફાઇનલ મેચ ૭મી જુલાઈના રોજ ન્યૂ જર્સીના ઈસ્ટ રધરફોર્ડના મેટલાઈફ સ્ટેડિયમ ખાતે રમાશે.